www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૩૧ ૩૦ ઓક્ટોબર, ૨૦૧૮, મંગળવાર; આસો વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### આલોક વર્મા-રાકેશ અસ્થાનાને સમન્સ

બળજબરીપૂર્વક રજા પર મોકલી દેવાયેલા સીબીઆઈના નંબર એક અધિકારી અને નંબર બે અધિકારીઓને સીવીસીએ સમન પાઠવીને પૂછપરછ માટે બોલાવ્યા છે. બંને અધિકારીઓને સીવીસી તરફથી આજે એટલે કે, સોમવારે કેન્દ્રીય વિજિલન્સ કમિશન તરફથી સમન પાઠવવામા આવ્યું હતું.

### દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ ચિંતાજનક

રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ સતત ચિંતાજનક થઈ રહી છે. તાજેતરમાં જ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તરફથી જાહેર કરાયેલા આંકડા અનુસાર દિલ્હીમાં વાયુ ગુણવત્તા સૂચકાંક ૩૪૧ નોંધાયો છે.

### ઉર્જિત પટેલને સંસદની સમિતીનું ૧૨મીએ તેડુ

સંસદની એક સમિતિએ આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલને સરકારના નોટબંધીના પગલા અંગે વધુ માહિતી લેવા માટે ત્રીજી વખત બોલાવવામાં આવ્યા છે. આ સમિતિમાં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ પણ સભ્ય છે.

### હવે ગ્રાહક કંપની વિરુદ્ધ ઓનલાઈન ફરિયાદ કરી શકશે

ગ્રાહકોને કોઈ ખરાબ સામાન અથવા ખરીદીના સમયે કરાયેલા વાયદા પૂરા નહી કરવા પર કોઈ કંપની વિરુદ્ધ ફરિયાદ કરવા પર પાંચ લાખ રૂપિયા સુધીના કેસ માટે કોઈ ફી ચૂકવવી પડશે નહી. તેઓ ઈ-મેઈલથી પણ પોતાની ફરિયાદ નોંધાવી શકશે.

# સુપ્રીમમાં સુનાવણી ટળી : રાજકારણમાં ગરમી

**કઇ બેચ આ મામલાની સુનાવણી કરશે તે અંગે જાન્યુઆરીમાં ફેંસલો : ત્રણ જજની બેંચ દ્વારા મામલામાં સુનાવણી ફરી એકવાર જાન્યુઆરી ઉપર ટાળી દેવાતા ચર્ચાઓનો દોર : સુનાવણી ક્યારે થશે તેને લઇને ભારે સસ્પેન્સ**

## હવે વટહુકમ લાવવા હિન્દુ સંગઠનોની માંગ

**રામ મંદિર નિર્માણ માટે વટહુકમ લાવવાની વિશ્વ હિન્દુ પરિષદ, શિવસેના, શિયા વક્ફ બોર્ડની માંગ : મહંત પરમહંસદાસની આત્મહત્યાની પણ ચેતવણી**



નવીદિલ્હી, તા. ૨૯

સુપ્રીમ કોર્ટે અયોધ્યા મામલામાં સુનાવણી જાન્યુઆરી સુધી ટાળી દીધા બાદ હિન્દુવાદી સંગઠનોએ એકબાજુ મોદી સરકાર ઉપર રામ મંદિરના નિર્માણ માટે દબાણ વધારાનું શરૂ કરી દીધું છે. વિશ્વ હિન્દુ પરિષદે પણ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ આજે કેન્દ્ર સરકારને રામ મંદિર માટે વટહુકમ લાવવાની માંગ કરી હતી. ભાજપના સાથી પક્ષ શિવસેના અને શિયા વક્ફ બોર્ડે પણ આવી જ માંગ કરીને કેન્દ્ર સરકાર પર દબાણ વધારી દીધું છે. સુપ્રીમ કોર્ટે રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન માલિકી હક વિવાદ મામલામાં અપીલને આગામી વર્ષે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધા બાદ મોદી સરકાર ઉપર હવે દબાણ વધારવામાં આવી રહ્યું છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચે કહ્યું છે કે, યોગ્ય બેંચ આગામી વર્ષે જાન્યુઆરી મહિનામાં સુનાવણીની તારીખ નક્કી કરશે. શિવસેનાના નેતા સંજય રાવતે કહ્યું છે કે, કોર્ટ અયોધ્યા

● અનુસંધાન પાન-૭ પર



નવી દિલ્હી,તા. ૨૯

જેની રાજકીય વર્તુળો અને દેશના લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે વર્ષો જુના અયોધ્યા વિવાદ કેસના મામલામાં સુનાવણી સુપ્રીમ કોર્ટે આજે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધી હતી. હવે જાન્યુઆરી ૨૦૧૯માં આ બાબતને લઈને નિર્ણય કરવામાં આવશે કે કઈ બોંચની સામે આ મામલાની સુનાવણી કરવામાં આવે અને કઈ તારીખે સુનાવણી કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે આ મામલાને ફરી એકવાર ટાળી દેતા જુદા જુદા હિન્દુ સમુદાયમાં નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં રચવામાં આવેલી બેંચે અયોધ્યા વિવાદ મામલામાં સુનાવણી જાન્યુઆરી ૨૦૧૯ સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેચમાં સંવેદનશીલ

● અનુસંધાન પાન-૭ પર

## મંદિર નિર્માણમાં અડચણો દૂર કરવા સરકાર કાયદો બનાવે : સંઘ

નવી દિલ્હી, તા. ૨૯

રામ મંદિર બાબરી મસ્જિદ વિવાદમાં સુપ્રીમ કોર્ટના નવેસરના ચુકાદા બાદ રાજકીય ગરમી વધી ગઈ છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે પણ નિવેદન કરીને પોતાની પ્રતિક્રિયા આપી છે. આ મામલાની સુનાવણી ત્રણ મહિના માટે ટાળી દેવાના સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ સંઘનું પણ નિવેદન આવ્યું છે. સંઘનું કહેવું છે કે, રામ જન્મભૂમિ ઉપર ભવ્ય મંદિરનું નિર્માણ થવું જોઈએ. વહેલીતકે મંદિર નિર્માણ થવું જોઈએ. સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ અરુણ કુમાર દ્વારા આ નિવેદન કરવામાં આવ્યું છે. અરુણ કુમારનું કહેવું છે કે, સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં એવી કબલાત કરી હતી કે,

● અનુસંધાન પાન-૭ પર

## ૫૬ ઈંચની છાતી છે તો વટહુકમ લાવી બતાવો

**બંધારણથી દેશ ચાલશે : રામ મંદિર પ્રશ્ને વટહુકમ લાવવા ઓવૈસીનો પડકાર**



નવીદિલ્હી, તા. ૨૯

અયોધ્યા વિવાદ મામલામાં સુપ્રીમ કોર્ટ દ્વારા સુનાવણી જાન્યુઆરી સુધી ટાળી દેવામાં આવ્યા બાદ એઆઈએમઆઈએમના વડા અસાસુદીન ઓવૈસીએ આ મામલે વટહુકમ લાવવા માટે કેન્દ્ર સરકારને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. ઓવૈસીએ કહ્યું હતું કે, દેશ બંધારણ હેઠળ ચાલશે. જો ૫૬ ઈંચની છાતી છે તો વટહુકમ લાવીને બતાવવા માટે ઓવૈસીએ સરકારને પડકાર ફેંક્યો હતો.

ઓવૈસીએ કહ્યું હતું કે, વટહુકમના નામ ઉપર કોને ભયભીત કરી રહ્યા છો. વટહુકમ લાવવામાં આવશે તો નવી ફટકાર પડશે. આ મુદ્દાને હિન્દુ અને મુસ્લિમ તરીકે ન બનાવવા માટે ઓવૈસીએ વાત કરી હતી. બીજી બાજુ કોંગ્રેસે સુનાવણી ટળી ગયા બાદ આ મામલે સાવધાનીપૂર્વકની પ્રતિક્રિયા આપી છે.

## સર્જીકલ સ્ટ્રાઈકના અંદાજમાં પાક. સેનાના અડ્ડાને ફુંકી માર્યો

**સેનાના હુમલામાં પાકિસ્તાનને ભારે નુકસાન : સર્જિકલ સ્ટ્રાઇકની જેમ જ ભારતીય સેનાએ અંકુશ રેખા નજીક કરેલી મોટી કાર્યવાહી : પાકિસ્તાનને યોગ્ય જવાબ**

જમ્મુ, તા. ૨૯

પાકિસ્તાન તરફથી એલઓસી ઉપર વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરવામા આવ્યા બાદ ભારતીય સેનાએ જોરદાર જવાબી કાર્યવાહી કરી છે. ૨૩મી ઓક્ટોબરના દિવસે પૂંચ જિલ્લામાં એલઓસી ઉપર પાકિસ્તાન દ્વારા ગોળીબાર કરવામાં આવ્યા બાદ સેનાએ સર્જિકલ સ્ટ્રાઈકના અંદાજમાં જ નિયંત્રણ રેખાની નજીક પાકિસ્તાની સેનાના એક હેડક્વાર્ટરને ફૂંકી માર્યું હતું. દુશ્મનના સૈન્ય હેડક્વાર્ટરને ફુંકી મારવામાં આવ્યા બાદ પાકિસ્તાનને મોટો ફટકો પડ્યો હતો. એલઓસી પર સેનાએ મોટુ ઓપરશન હાથ ધર્યું હતું. એમ માનવામાં આવે છે કે, સેના તરફથી કરવામાં આવેલી આ કાર્યવાહીમાં પાકિસ્તાની સેનાને ભારે નુકસાન થયું હતું. ભારતીય જવાનો ઉપર પાકિસ્તાનની બેટ ટીમ દ્વારા ૨૧મી ઓક્ટોબરના દિવસે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ભારતીય સેનાના ત્રણ જવાન શહીદ થયા હતા. એક જવાનને ઈજા થઈ હતી. આ કાર્યવાહી બાદ અંકુશરેખા ઉપર ભારે તંગદિલીપૂર્ણ સ્થિતિ હતી. બંને દેશોના લશ્કરી અધિકારીઓ હોટલાઈન ઉપર વાતચીત પણ કરી રહ્યા ન હતા. અંકુશરેખા ઉપર ટેન્શનની સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી ન હતી. પાકિસ્તાની સેનાના જવાનોએ પૂંચ અને અન્ય સેક્ટરમાં ૨૩મી ઓક્ટોબરના દિવસે ગોળીબાર કર્યો હતો. આ ગાળોબારના જવાબમા ભારતીય સેનાએ જોરદાર કાર્યવાહી કરી હતી. અંકુશરેખાની નજીક એક પાકિસ્તાની હેડક્વાર્ટરને ફૂંકી મારવામાં આવ્યું હતું. સેના તરફથી આ ઓપરેશન બાદ આજે તેના સેટેલાઈટ ફોટાઓ પણ સપાટી ઉપર આવ્યા છે. આ પહેલા અંકુશરેખા અને સરહદ પર પાકિસ્તાની ગોળીબારના જવાબમાં ભારતીય સુરક્ષા દળોએ અનેક મોટા હુમલા કર્યા છે. પૂર્વમાં મે મહિનામાં જ પાકિસ્તાન દ્વારા નવશેરા સેક્ટરમાં ભારે ગોળીબાર કરાયો હતો. ત્યારબાદ ૧૯મી મેના દિવસે પાકિસ્તાની બંકરોને મિસાઈલ હુમલામાં ફુંકી મારવામાં આવ્યા હતા. ત્યારબાદ સરહદ સુરક્ષા દળ તરફથી વિડિયો પણ જારી કરાયા હતા.

## ઈન્ડોનેશિયામાં વિમાન સમુદ્રમાં ગરકાવ

**વિમાનમાં ત્રણ બાળકો સહિત ૧૮૧ પેસેન્જર, બે પાઈલટ, ૬ અન્ય ક્રૂ મેમ્બર સવાર હતા : જકાર્તાથી ટેક ઓફ થયાની ૧૩ મિનીટ પછી એટલે કે ૬.૩૩ વાગ્યે વિમાને એર ટ્રાફિક કંટ્રોલ સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો,પ્લેન કારાગાંવની ખાડીમાં ક્રેશ થયું**

જાકર્તા,તા. ૨૯

ઈન્ડોનેશિયાનુ લાયન એરનુ વિમાન આજે સવારે જાકર્તાથી ઉંડાણ ભર્યા બાદ મિનિટોના ગાળામાં જ દુર્ઘટનાગ્રસ્ત થઈ જતા તમામ ૧૮૮ યાત્રીઓના મોત થયા હતા. જો કે, આને સત્તાવારરીતે મોડે સુધી સમર્થન મળ્યું ન હતું પરંતુ સગાસંબંધીઓમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. વિમાનનો કાટમાળ મોડેથી દરિયામાં મળી આવ્યો હતો. મૃતદેહને શોધવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉંડાણ ભર્યાના મિનિટો બાદ જ ટેકનિકલ ખામીના કારણે વિમાન તુટી પડ્યું હતું. આ વિમાનમાં માસુમ બાળકો પણ હતા. યાત્રીઓના સંબંધમાં મોડે સુધી કોઈ માહિતી આપવામાં આવી ન હતી. વિમાન જેટી-૬૧૦ જાકર્તાથી પંગકલ પિનોન્ગ તરફ જઈ રહ્યુ હતુ. અકસ્માત થયા બાદ બચાવ અને રાહત ટુકડી તરત જ સ્થળ પર રવાના કરવામાં આવી હતી. બનાવના થોડાક સમયમાં જ વિમાન તુટી પડવાના હેવાલને સમર્થન મળ્યું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતું કે વિમાને જાકર્તા વિમાનીમથકથી ઉડાણ ભરી હતી. વિમાન સુમાત્રાના પંગકલ પિનોન્ગ તરફ જઈ રહ્યુ હતુ. ટેક ઓફ કરવામાં આવ્યા બાદ ૧૩ મિનિટના ગાળામાં જ વિમાને સંપર્ક ગુમાવી દેતા દહેશત ઉભી થઈ ગઈ હતી. લોયન એર બોઈંગ ૭૩૭ વિમાનમાં ક્રુ મેમ્બરો ઉપરાંત યાત્રી મળીને કુલ ૧૮૮ લોકો હતા. એમ કહેવામાં આવે છે કે સંપર્ક તુટી જતા પહેલા પાયલોટે

● અનુસંધાન પાન-૭ પર



## પેટ્રોલ-ડીઝલનના ભાવમાં સતત ઘટાડો

નવી દિલ્હી, તા. ૨૯

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં અવિરતપણે ઘટાડાનો દોર જારી રહ્યો છે. આજે સતત ૧૨માં દિવસે પણ પેટ્રોલ ડીઝલની કિંમતમાં લીટરદીઠ ૩૦-૨૦ પૈસા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતોમાં સ્થિતિ સુધારતા આ ઘટાડો કરવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૩૦ પૈસા ઘટી જતાં કિંમત હવે ૭૯.૭૫ રૂપિયા થઈ ગઈ છે. સરકારી તેલ કંપનીઓ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. ડીઝલની કિંમત ૨૦ પૈસા ઘટીને લીટરદીઠ ૭૩૮૫ થઈ ગઈ છે. સતત ૧૨માં દિવસે આ ઘટાડો કરવામાં આવ્યો હતો.

**મેડીલીક ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ સાયન્સીસ, અમદાવાદ**

મેડીકલ/પેરામેડીકલ પ્રવેશ સમિતિ,ગાંધીનગર સુચના મુજબ ખાલી સીટો માટે

**પ્રવેશ ચાલુ**

| | |
|---|---|
| બી.એસ.સી નર્સિંગ | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ |
| જી.એન.એમ | ધોરણ-૧૨ પાસ અંગ્રેજી વિષય સાથે (સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહ) |

**89808 05226, 96648 30401**

## મહાકાલેશ્વર મંદિરમાં રાહુલે પૂજા કરી પ્રચારના શ્રીગણેશ કર્યા

નવી દિલ્હી, તા. ૨૯

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ મધ્યપ્રદેશમાં રાજકીયરીતે ખુબ મહત્વપૂર્ણ ગણાતા માલવા-નિમાર પ્રદેશની બે દિવસની યાત્રા શરૂ કરી હતી. ભગવાન શિવના મહાકાલેશ્વર મંદિરમાં પૂજા કરીને રાહુલ ગાંધીએ મધ્યપ્રદેશની યાત્રા શરૂ કરી હતી. પ્રાચીન મંદિરમાં રાહુલ ગાંધીએ પૂજા કરી હતી. આ મંદિરને ૧૨ જ્યોર્તિંગ પૈકીના એક તરીકે પણ ગણવામાં આવે છે. રાહુલ ગાંધી આ મંદિરમાં બીજી વખત દર્શન માટે પહોંચ્યા હતા. ૨૦૧૦માં પણ રાહુલ ગાંધી મંદિરમાં દર્શન માટે પહોંચ્યા હતા. કોંગ્રેસ પ્રમુખ ખુબ સાદા વસ્ત્રોમાં મંદિરમાં પ્રવેશ્યા હતા. તેમની સાથે રાજ્યના પાર્ટી પ્રમુખ કમલનાથ અને પ્રચાર ચૂંટણી સમિતિના અધ્યક્ષ જ્યોતિરાદિત્ય સિંધિયા પણ રહ્યા હતા. મંદિરના પુજારીઓ દ્વારા મંત્રોચ્ચાર વચ્ચે ૪૮ વર્ષીય રાહુલ ગાંધીએ વિશેષ પૂજા કરી હતી. ગાંધીના દાદીમા અને પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી, તેમના પિતા રાજીવ ગાંધી અને માતા સોનિય ાગાંધીએ પણ ક્રમશઃ ૧૯૭૯, ૧૯૮૭અને ૨૦૦૮માં આ મંદિરમાં દર્શન કર્યા હતા. કોંગ્રેસના પ્રવક્તા પંકજ ચતુર્વેદી દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. ગાંધીએ મહાકાલની પૂજા કરી હતી. આ પૂજા આશરે અડધો કલાક સુધી ચાલી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

DANDI KUTIR THE GANDHI MUSEUM
દાંડી કુટિર - ધ ગાંધી મ્યુઝિયમ
મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત
વિશ્વવિભૂતિ મહાત્મા ગાંધીના જીવન પર આધારિત વિશ્વનું સૌથી મોટું વિશાળ મ્યુઝિયમ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં.....
82 મિનિટના અભૂતપૂર્વ મલ્ટીમીડિયા પ્રદર્શનનો રોમાંચક અનુભવ :
● ૧૪થી વધુ અત્યાધુનિક ટેક્નોલોજી સાથે વૈવિધ્યપૂર્ણ રજૂઆતો
પરિવાર, મિત્રો અને સબંધીઓ સાથે મુલાકાત લેવાનું અદભુત સ્થળ
અમદાવાદથી માત્ર ૨૦ મિનિટનાં અંતરે.
આજે જ મુલાકાત લો
મંગળવાર થી રવિવાર | સવારે ૧૦.૩૦ કલાકે થી સાંજે ૫.૦૦ કલાક | (સોમવારે બંધ રહેશે)
દાંડી કુટિર, મહાત્મા મંદિર, ગાંધીનગર : ૩૮૨૦૧૬, ગુજરાત, ભારત.
info@dandi-kutir.com | www.dandi-kutir.com | 079 232 55793
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ
પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું



જલિયાન જ્વેલર્સ



આ દિવાળી મનાવો જલિયાન સંગ
આજે જ પધારો...
પ્લોટ નં. ૧૫૨૪, આપના બજાર પાસે, જલારામ હોસ્પિટલની બાજુમાં, સેક્ટર - ૬, ગાંધીનગર
નં. ૯૭૨૫૭ ૨૨૨૨૪ | ૯૮૨૫૭ ૨૨૨૨૪